# હિમવર્ષા

ધવલ આભ, ધવલ હવા, ધવલ ધવલ બની ધરતી
હિમવર્ષાના ઘૂંઘટમાં, મન મન નિશારાણી મલકતી

વેરાયો છે ચંદ્ર ધરા પર આજે લાખો ફરકે
કે ચાંદીસમ ચાદર તારી મારે આંગણ લટકે

વૃક્ષો આજે વૃદ્ધ થયાં, ડાળો થઈ ગઈ ધોળી
કે નજરોના આસવમાં ફાવી ગયું ચાંદની ઘોળી

આજ હિમાલય પીગળીને બનતો દૂધિયો સાગર
કે ગોકુળમાં છલકાતી ગોપીની ગોરસ ગાગર

સ્તનપાન કરી હસતાં બાળકના હોઠે દૂધની ઝાંઈ
કે પ્રિયે તારા સ્મિત કેરી હરખાતી પરછાંઈ

કૃષ્ણ આલોકથી ભીતરી રાધારાણી રાસ રમે
અહોભાગ્ય! અલૌકિક દૃશ્ય, કહો હવે શું ગમે?

નીલેશ રાણા